


મહેસાણા જિલ્લામાં અને શહેરમાં આજે વહેલી સવારથી વીજળીના કડાકા અને ધડાકા સાથે સાંબેલાધાર વરસાદ પડવા પામ્યો હતો. મહેસાણા શહેરમાં પાંચ ઈંચ, જોટાણા બે ઈંચ, કડીમાં ૫ ઈંચ વરસાદ પડતા મહેસાણા શહેરમાં ગોપીનાળા અને ભમ્મરીયાનાળા કલાકો સુધી પાણી ભરાઈ ગયા હતા. જ્યારે મહેસાણા-અમદાવાદ હાઈવે નાગરપુર કોલેજ આગળ પાણી ભરાતા કલાકો સુધી ટ્રાફિક જામ થઈ જવા પામ્યો હતો. મહેસાણા પરા વિસ્તારમાં પાણી ભરાઈ ગયા હતા. જ્યારે ઉપરોક્ત તસવીરમાં નજરે પડે છે. જ્યારે કડીમાં વધુ વરસાદ અને વીજળી પડવાથી કડી તાલુકાના વડુ ગામે વીજળી પડતા ૩ ભેંસના મોત થવા પામ્યા હતા.

# દેશમાં વધુ ૬૯૦૦૦ કેસ : ૨૯ લાખની નજીક

## કોરોનાનો મૃત્યુદર ઘટી ૧.૯૦ ટકા થયો હોવાનો સ્વાસ્થ્ય મંત્રાલયનો દાવો

નવી દિલ્હી, તા. ૨૧

ભારતમાં એક દિવસમાં કોરોનાના નવા કેસમાં ૬૯,૦૦૦નો વધારો થતાં કુલ કેસ ૨૯ લાખની નજીક પહોંચી ગયા છે. કોરોનાનો રિકવરી રેટ ૭૪.૧૪ ટકા થયો છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે જણાવ્યું હતું કે, દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૨૯૦,૮૧ કેસ નોંધાયા હતા જ્યારે ૯૮૩નાં મોત નીપજ્યાં હતાં. આ સાથે કોરોનાના કુલ કેસ ૨૮,૯૮,૮૧૩ થયા છે અને કુલ મૃત્યુઆંક ૫૪૮૯૫ થયો છે. દેશમાં ગુરુવારે એક દિવસમાં કોરોનાના ૬૧,૧૪૧ દર્દી સાજા થયા છે અને હજુ સુધીમાં કુલ ૨૧,૪૯,૩૯૧ દર્દીઓ સાજા થયા છે અને તેમને હોસ્પિટલમાંથી રજા અપાઈ છે. સ્વાસ્થ્ય મંત્રાલયના દાવા પ્રમાણે દેશમાં કોરોનાનો મૃત્યુદર વધુ ઘટીને ૧.૯૦ ટકા થયો છે. દેશમાં હાલ કોરોના વાઈરસના એક્ટિવ કેસ ૬,૮૬,૩૯૫ છે, જે કુલ કેસના ૨૪.૨૦ ટકા છે. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (આઈસીએમઆર)ના અહેવાલ મુજબ દેશમાં અત્યાર સુધીમાં કોરોનાની તપાસ માટે કુલ ૩.૨૬ કરોડ લોકોના ટેસ્ટ કરાયા છે અને બુધવારે એક જ દિવસમાં ૯.૧૮ લાખ ટેસ્ટ લેવામાં આવ્યા હતા. દેશમાં કોરોનાની તપાસ માટેના ટેસ્ટની સંખ્યા સતત વધી રહી છે છતાં પોઝિટિવિટી રેટમાં ઘટાડો આવી રહ્યો છે. દેશમાં શરૂઆતમાં કેટલાક રાજ્યોમાં કોરોનાના ટેસ્ટમાં વધારાની સાથે પોઝિટિવિટી રેટ વધ્યો હતો, પરંતુ આઈસોલેશન, અસરકારક ટ્રેકિંગ અને સમયસર ક્લિનિકલ મેનેજમેન્ટને પગલે પોઝિટિવિટી રેટમાં ઘટાડો આવી રહ્યો છે. ભારતમાં સૌપ્રથમ વખત બુધવારે એક જ દિવસમાં કોરોનાના ૯ લાખથી વધુ ટેસ્ટ થયા હતા. હવે સરકારનો આશય દૈનિક ૧૦ લાખ ટેસ્ટ સુધી પહોંચવાનો છે. દેશમાં કોરોનાના નિદાન માટે લેબોરેટરીનું નેટવર્ક વિસ્તારવાની સાથે સરળ ટેસ્ટિંગ માટે અસરકારક પગલાં લેવાથી ટેસ્ટિંગમાં નોંધપાત્ર ઉછાળો આવ્યો છે. દેશમાં લેબોરેટરીના રાષ્ટ્રીય નેટવર્કમાં સ્થિરતાથી વધારો થઈ રહ્યો છે. દેશમાં હાલ ૯૭૭ સરકારી લેબ અને ૫૧૭ ખાનગી લેબ સાથે ૧,૪૯૪ લેબનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર છે.

### કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૨૨૯૨૦૩૭૧ | ૭૯૮૧૫૪ | ૧૫૫૭૦૦૮૭ |
| ભારત | ૨૯૫૧૭૩૬ | ૫૫૫૩૪ | ૨૧૯૯૯૨૮ |
| ગુજરાત | ૮૪૪૬૬ | ૨૮૬૯ | ૬૭૩૭૭ |
| ગાંધીનગર | ૨૧૫૭ | ૧૨૬ | ૧૭૭૫ |

## સી. આર. પાટીલના સ્વાગત કાર્યક્રમમાં નિયમોના ધજાગરા

ગાંધીનગર, તા. ૨૧

કોરોના મહામારીના કારણે રાજકોટ શહેર તેમજ જિલ્લામાં જન્માષ્ટમી તેમજ ગણપતિ મહોત્સવ સહિતના તહેવારોની ઉજવણી બંધ રાખવામાં આવી છે તો બીજી તરફ ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષ સીઆર પાટીલના સ્વાગત માટે રાજકોટ શહેર ભાજપે તમામ નીતિ નિયમોનો ઉલાળ્યો કર્યો હોવાનું સામે આવ્યું છે.

ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર.પાટીલ સૌરાષ્ટ્રની ત્રણ દિવસની મુલાકાતે છે. ત્યારે ૧૯ ઓગસ્ટ સાંજના સાત વાગ્યા આસપાસ સીઆર પાટીલ રાજકોટના ગોંડલ ચોકડી ખાતે આવી પહોંચ્યા હતા. તેમના સ્વાગત માટે ભારતીય જનતા પાર્ટી દ્વારા પહેલેથી જ ગોંડલ ચોકડી થી લઈ પુનિત નગરના ટકા સુધીનો રોડ બ્લોક કરી દેવામાં આવ્યો હતો. જેના કારણે સાપર વેરાવળ તેમજ ગોંડલ થી રાજકોટ શહેરની અંદર આવનારા વાહનચાલકોને ખાસી હેરાનગતિનો સામનો કરવો પડ્યો હતો.

લોકોને અન્ય રસ્તેથી પસાર થવાની ફરજ પડી હતી. સાતમ-આઠમનો તહેવાર હાલમાં જ પૂર્ણ થયો છે. તહેવાર અંતર્ગત લોકો મોટી સંખ્યામાં જાહેર સ્થળે ભેગા ન થાય તે માટે તમામ તકેદારી તંત્ર દ્વારા રાખવામાં આવી હતી અને જેના કારણે રાજકોટ શહેર પોલીસ કમિશનર મનોજ અગ્રવાલ રાજકોટ મ્યુનિસિપલ કમિશનર અગ્રવાલ તેમજ રાજકોટ જિલ્લા કલેકટર દ્વારા જુદા-જુદા જાહેરનામાં બહાર પાડવામાં આવ્યા હતા જે અંતર્ગત જાહેર સ્થળો પર લોકોને ફરવા જવા પર પ્રતિબંધ લાદવામાં આવ્યો હતો. પરંતુ પ્રદેશ ભાજપ અધ્યક્ષ આવકારવા માટે ગોંડલ ચોકડી ઉમિયા ચોક આસ્થા રેસીડેન્સી ચોક નાના મવા સર્કલ સહિતના સ્થળો પર મોટી સંખ્યામાં હોદેદારો અને આગેવાનો તેમજ કાર્યકર્તાઓની ભીડ એકઠી થવા પામી હતી.

સામાન્ય સંજોગોમાં તંત્ર દ્વારા અંતિમ ક્રિયાની વિધિ હોય કે પછી લગ્ન કે સગાઈની વિધિ કેન્દ્ર સરકારની ગાઈડલાઈન મુજબ મર્યાદિત લોકોને જ એકઠા થવાની મંજૂરી આપવામાં આવે છે પરંતુ સી.આર.પાટીલ આ કાર્યક્રમ અંતર્ગત મોટી સંખ્યામાં જ્યારે લોકો એકઠા થયા હતા આ સમયે તંત્ર દ્વારા આંખ આડા કાન કરવામાં આવ્યા હતા. મોટી સંખ્યામાં લોકો એકઠા થતા સોશિયલ ડિસ્ટન્સના લીલા ઉડતા જોવા મળ્યા હતા.



# રાજ્યમાં ૨૪ કલાકમાં ૧૨૦૪ કેસ

## ૨૪ કલાકમાં ૧૪નાં મૃત્યુ : અત્યાર સુધીમાં ૨૮૬૯ લોકોનાં મૃત્યુ અને ૬૭૨૭૭ લોકો ડિસ્ચાર્જ : ૨૪ કલાકમાં ૮૯ લોકો વેન્ટીલેટર ઉપર

ગાંધીનગર,તા.૨૧

રાજ્યમાં ૨૪ કલાકમાં કોરોનાના ૭૨૮૫૭ ટેસ્ટ કરવામાં આવતા પ્રથમવાર કોરોના પોઝીટીવનો આંકડો ૧૨૦૦ને પાર થઈ ૧૨૦૪ પોઝિટિવ કેસ નોંધાયા હતા. આ સાથે રાજ્યમાં કુલ સંક્રમિતનો આંકડો ૮૪ હજારને પાર થઈને ૮૪૪૬૬ થયો છે. રાજ્યમાં ૨૪ કલાકમાં કોરોનાને લીધે ૧૪ દર્દીના મોત થતા કુલ મૃત્યુઆંક ૨૮૬૯ થયો છે. રાજ્યમાં આજે ૧૩૨૪ દર્દી ડિસ્ચાર્જ કરાતા કુલ ડિસ્ચાર્જનો આંકડો ૬૭૨૭૭ થયો છે. રાજ્યમાં આજની સ્થિતિએ ૧૪૩૨૦ કેસ એક્ટિવ છે. જેમાં ૮૯ વેન્ટીલેટર પર અને ૧૪૨૩૧ કેસ સ્ટેબલ છે.રાજ્યમાં આજે એક મહિના બાદ કોરોના પોઝીટીવનો આંકડો ૧૨૦૦ ને પાર થયો છે. આ સાથે સર્વાધિક ટેસ્ટ અને ડિસ્ચાર્જનો રેકોર્ડ પણ તોડ્યા છે.આરોગ્ય વિભાગની યાદી મુજબ કોવિડ-૧૯ના લીધે આજે ૧૪ના મોત નોંધાયા છે. અમદાવાદ શહેરમાં ૧૫૬ અને જિલ્લામાં ૨૩ સાથે કુલ ૧૭૯ પોઝિટિવ કેસ નોંધાયા છે આ સાથે કુલ સંક્રમિતનો આંકડો ૨૯૮૪૪ થયો છે. આજે ૩ વધુ મોત થતા ૧૬૭૭ મોત કુલ થયા છે. સુરત શહેરમાં ૧૬૯ અને જિલ્લામાં ૮૨ સાથે કુલ ૨૫૧ કોરોનાના કેસ આજે નોંધાયા છે.

આ સાથે કુલ સંક્રમિતનો આંકડો ૧૭૯૩૫ થયો છે. આજે વધુ ૫ મોત નોંધાતા કુલ મોતનો આંકડો ૫૮૬ થયો છે. વડોદરા શહેરમાં ૯૭ અને જિલ્લામાં ૨૩ સાથે કુલ ૧૨૦ કેસ નોંધાયા છે. આ સાથે કુલ સંક્રમિતનો આંકડો ૬૯૫૫ થયો છે. આજે ૨ મોત નોંધાતા વડોદરામાં કુલ મૃત્યુઆંક ૧૧૭ થયો છે.રાજકોટમાં ૬૦ અને જિલ્લામાં ૩૭ કેસ સાથે ૯૭ કેસ નોંધાયા છે. આ સાથે સ્કમિતનો આંકડો ૩૭૫૩ થયો છે. આજે વધુ ૧ના મોત થતા મૃત્યુઆંક ૭૪ થયો છે. ભાવનગર શહેરમાં ૧૨ અને જિલ્લામાં ૧૫ સાથે ૨૭ કેસ નોંધાયા છે. આ સાથે ૨૩૦૭ કુલ કેસ થયા છે. આજે ૧મોત સાથે મૃત્યુઆંક ૩૯ થયો છે.

## વાહનો માટે પીયુસીના નવા ભાવો જાહેર કરવામાં આવ્યા

રાજ્ય સરકારે હવે વાહનોનું પીયુસી કઢાવવા માટે નવા દર બહાર પાડ્યા છે. અગાઉનના દરમાં વધારો ઝીંકતા સરકારે વાહનોનું પીયુસી કાઢવા માટે ટુ-વ્હીલર , ફોર-વ્હીલરોના જાહેર કર્યા નવા ભાવ, અગાઉ ટુ-વ્હીલરો માટે પીયુસીનો દર રુપિયા ૨૦ હતો જ્યારે ફોર વ્હિલરો માટેનો દર રુપિયા ૫૦ હતો. આ દરમાં વધારો કરતા સરકારે નવા દર બહાર પાડ્યા છે.રાજ્યમાં ૨ વ્હીલ ચાલકોએ પીયુસી કઢાવવા માટે ૨૦ના બગલે ૩૦ રૂપિયા ચાર્જ ચુકવાવનો રહેશે, જ્યારે ફોર વ્હીલ જો પેટ્રોલ હોય તો તેનો નવો ચાર્જ રૂપિયા ૫૦ના બદલે ૮૦ ચુકવવાનો રહેશે. આ નિયમોની અસર રાજ્યના કરોડો વાહન ચાલકોને થશે. આ ઉપરાંત ત્રણ પૈડાના વાહનોના દર ૨૫ થી વધારીને ૬૦ કરાયા છે, જ્યારે મીડિયમ અને હેવી વાહનો (ડીઝલ કાર સહિત ટ્રાન્સપોર્ટ વાહનો)ના દર ૬૦ થી વધારીને ૧૦૦ રૂપિયા કરાયા. ગત વર્ષે સપ્ટેમ્બર મહિનાથી રાજ્યમાં નવા મોટર વ્હિકલ એક્ટનો અમલ કરાવવા સમયે હેલ્મેટ, એચ.એસઆર.પી. નંબર પ્લેટ અને પીયૂસી ફરજિયાત કરવામાં આવ્યા હતા. તે વખતે પીયૂસી કઢાવવા માટે લાંબી લાંબી કતારો જોવા મળી હતી.રાજ્યમાં પીયૂસી કઢાવવા માટેની એ કતારો લાગી ત્યારે મોટા ભાગના વાહન ચાલકોની પીયૂસી એક્સપાયર થઈ ગઈ હતી. ૧૬મી સપ્ટેમ્બરે ગુજરાતમાં મોટર વ્હિકલ એક્ટ મુજબ ટ્રાફિકના નવા નિયમો અમલમાં આવ્યા હતા. મોટોમસ દંડ ચૂકવવો ન પડે તે માટે વાહનચાલકો આગોતરી તૈયારીઓ કરી હતી. પીયુસી સર્ટિફિકેટ મેળવવા અત્યારે પીયુસી કેન્દ્રો પર વાહનોની લાંબી કતારો લાગી છે.



આજે ગાંધીનગર શહેરમાં સવારે ગાજવીજ સાથે થયેલા વરસાદથી લોકોના જીવ તાળવે ચોંટી ગયા હતા. શહેરમાં આજે બે જગ્યાએ વીજળી પડવાની ઘટનાઓ પણ બની હતી. જેમાં સેક્ટર-૬માં એક ત્રણ માળિયા મકાન પર વિજળી પડતાં મકાનને નુકસાન થયું હતું. જ્યારે સેક્ટર-૭માં રામક્રિષ્ણ રેસીડેન્સીમાં એકાએક સાયરન વીજળી પડતાં વાગી ઉઠી હતી જેને ગાંધીનગર ફાયર બ્રિગેડની ટીમે પહોંચી અને પછી બંધ કરી હતી.



બનાસ ડેરી અને જીસીએમએમએફના ઉપક્રમે સમગ્ર જિલ્લામાં વૃક્ષારોપણ થઈ રહ્યું છે ત્યારે સુઈગામ તાલુકાના કટાવ ગામે પૂ. ખાખીજી મહારાજની તપસ્થલીમાં ચેરમેન શંકરભાઈ ચૌધરીના વરદ હસ્તે સુઈગામ તાલુકાનો વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે કટાવ ધામના મહંત જયરામદાસજી મહારાજ, ડિરેક્ટર મુળજીભાઈ ચૌધરી, અગ્રણી દેવજીભાઈ પટેલ, ઉમેદદાન ગઢવી સહિત સહકારી આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

### વરસાદ...● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગયો હતો. સે- ૩ સી ના રીંગ રોડ પર , સે- ૬ રોહીદાસ મંદિરવાળા માર્ગ પર , સે-૧૬ ટોરેન્ટ પાવરની ઓફિસ પાસે પાર્કીંગમાં ,સે-૨૧ , સે-૨૭ , સે-૨૩ ચર્ચ તરફ જવાના માર્ગ પર પણ વરસાદી પાણીનો ભરાવો થયો હતો. જયારે શહેરમાં વરસાદી ઋતુની શરૂઆતથી જ ગાબડા પડવાની પ્રથા આજે પણ યથાવત રહી હતી. સેકટરોમાં સ્ટોર્મ વોટર લાઈનને અનુલક્ષી હાથ ધરાયેલ ખોદકામના લીધે વરસાદી પાણી ભળતા માર્ગો આસપાસ મોટામસ ગાબડા જોવા મળ્યા હતા. જે દિવસ દરમિયાન વાહનચાલકો તેમજ સેકટરવાસીઓ માટે જોખમી બન્યા હતા. બે કલાક સુધી વરસેલા વરસાદના લીધે જનજીવન પ્રભાવિત થયુ હતુ. બે કલાકમાં શહેરમાં બે ઈંચ વરસાદ નોંધાયો હતો. વરસાદના લીધે વાતાવરણમાં પણ ઠંડક પ્રસરી હતી. શહેરમાં અત્યાર સુધી સિઝનનો અંદાજિત ૨૩ ઈંચ વરસાદ નોંધાયો છે. જો કે આકરા વિજકડાકા વચ્ચે સેકટરોમાં વિજળી પડી હોવાની વાતો પણ વહેતી થઈ હતી. શહેરમાં સવારે તોફાની વરસાદ બાદ બપોરના સમયે વાતાવરણમાં ઉઘાડ નિકળ્યો હતો. જયારે સાંજે પણ આકાશ ચોખ્ખુ રહ્યુ હતુ. વરસાદી વાદળો દુર હટી ગયા હતા.

### રજા અપાઈ...● અનુસંધાન છેલ્લાનું ચાલુ

યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત ઝુંડાલ ગામેથી એક ૭૧ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. માણસા તાલુકામાંથી આજે પાંચ કેસ નોંધાયા છે. જેમાં બે કેસ ગ્રામ્ય વિસ્તારના છે અને ૩ કેસ અર્બન વિસ્તારમાંથી મળી આવ્યા છે. મળતી વિગતો પ્રમાણે રામપુરા ગામેથી બે કેસ મળ્યા છે. જેમાં એક મહિલા દર્દી છે. રામપુરા ગામેથી ૫૫ વર્ષીય પુરૂષ અને ૫૨ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. અર્બન વિસ્તારમાંથી નોંધાયેલા ૩ કેસ પુરૂષ દર્દીના છે અને ત્રણેય દર્દીઓ ૬૦ થી વધુ વય ધરાવે છે. અર્બન વિસ્તારમાંથી ૬૦ વર્ષીય પુરૂષ, ૬૩ વર્ષીય પુરૂષ અને ૬૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. તંત્રએ માણસા તાલુકામાં વધતા જતા કેસોને પગલે સઘન સર્વેલન્સની સૂચનાઓ આપી છે. જે ગતિએ કેસો વધી રહ્યા છે તેથી તંત્રની ચિંતામાં વધારો થવા પામ્યો છે. કલોલ તાલુકામાં આજે સાત કેસ નોંધાયા છે. જેમાં ૩ કેસ તાલુકાના ધમાસણા ગામેથી મળી આવ્યા છે. ધમાસણામાં કેસોની સંખ્યા વધી રહી હોવાથી તંત્રની ચિંતામાં વધારો થવા પામ્યો છે.

ધમાસણા ગામેથી આજે બે મહિલા દર્દી સહિત ૩ કેસ નોંધાયા છે. જેમાં એક ૩૦ વર્ષીય યુવાન, ૨૮ વર્ષીય મહિલા અને ૬૨ વર્ષીય મહિલાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત લિંબોદ્રા ગામેથી આજે વધુ એક કેસ સામે આવ્યો છે. ૫૫ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. કલોલ અર્બન-૧ વિસ્તારમાંથી ૩૩ વર્ષીય પુરૂષ, ૫૪ વર્ષીય મહિલા અને નારદીપુરા વિસ્તારમાંથી ૫૮ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તંત્રના સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે આજે પણ નોંધાયેલા કેસો સામે ડિસ્ચાર્જ મેળવનારાઓની સંખ્યા વધુ છે. આજે વધુ ૧૮ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૨૪૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં હાલ ૧૨૪ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જિલ્લામાં આજે ૧૬,૯૧૦ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

### ૭૦૦ નજીક...● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તંત્રએ આ ગૃહીણીના પરિવારના સાત સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.સે. ૧૩ માં બીજો એક ૨૯ વર્ષીય યુવાન કોમ્પ્યુટર ઓપરેટર તરીકે કામ કરે છે તેનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવાનને પણ સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરી તંત્રએ યુવાનના પરિવારની એક વ્યક્તીને હોમ ક્વોરોન્ટાઈન કરેલ છે. સે. ૨૯ માંથી આજે બે કેસ નોંધાયા છે. સે. ૨૯ માં કોરોનાનો શહેરનો પ્રથમ કેસ નોંધાયો હતો. જો કે છેલ્લા થોડાક દિવસોથી કોરોનાએ પુનઃ માથુ ઉંચક્યુ છે. આજે એક કેસ ઉદ્યોગભવન જી.આઈ.ડી.સી.માં કામ કરતા એક ૫૫ વર્ષીય અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તંત્રએ તેમને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કર્યા છે. આ અધિકારીના પરિવારના ૨ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે. સે. ૨૯ માં રહેતા અને એરફોર્સની લેકાવાડા ઓફિસમાં નોકરી કરતા ૫૩ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ દર્દીના પરિવારની એક વ્યક્તીને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કરેલ છે. સે. ૨૬ માંથી એક ૬૫ વર્ષીય વડીલનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવ્યા છે. તંત્રએ આ વડીલના પરિવારની એક વ્યક્તીને હોમ ક્વોરોન્ટાઈન કરેલ છે. સે. ૨૦ માંથી એક ૩૪ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલાએ હોમ આઈસોલેશનનો વિકલ્વ સ્વીકાર્યો છે. તંત્રએ મહિલા દર્દીના પરિવારના ૩ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે. સે. ૭ માંથી એક ૮૦ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ વૃદ્ધના પરિવારના નવ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે. સેક્ટર-૨૮ માં રહેતા અને ખાનગી કંપનીમાં નોકરી કરતા એક ૫૪ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. તંત્રએ આ દર્દીના પરિવારના ૩ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે. સે. ૧ માંથી એક ૫૦ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ગૃહીણીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આ ગૃહીણીના પરિવારના ૪ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે. સે. ૧ માંથી એક ૫૦ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ગૃહીણીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આ ગૃહીણીના પરિવારના ૪ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે. શહેરમાં આજે બે મહિલા દર્દીઓના કેસ નોંધાયા છે. મોટી વય ધરાવતા વડીલોના કેસોની સંખ્યા વધતાં તંત્રમાં ચિંતા ઘેરી બની છે. શહેરમાં આજે પણ ૧૨૦થી વધુ લોકોના ટેસ્ટ કરવામાં આવ્યા હતા.